# જાહેરનામું

**પોલિસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:મ/ટ્રાફિક/૯૬/૨૦૦૪, તા. ૧–૧૧–૦૪.**

વંચાણે લીધા :– જાહેરનામા ક્રમાંક:મ/ટ્રાફિક/૧૩૨/૨૦૦૪, તા. ૧૮–૧૨–૦૩.
જાહેરનામા ક્રમાંક:મ/ટ્રાફિક/૧૩૫/૨૦૦૪, તા. ૨૫–૨–૦૪.
જાહેરનામા ક્રમાંક:મ/ટ્રાફિક/૧૩૯/૨૦૦૪, તા. ૫–૩–૦૪
જાહેરનામા ક્રમાંક:મ/ટ્રાફિક/૨૪૩/૨૦૦૪, તા. ૨૧–૬–૦૪.

ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા તેમજ થતા અકસ્માતોને નિયંત્રિત કરવા સુપ્રિમ કોર્ટને આપેલ બાંહેધરીના અનુસંધાને લેવાયેલ પગલા પૈકી ભારે વાહનોને અમદાવાદ શહેરમાં પ્રવેશ કરવાના પ્રતિબંધ અંગે તા. ૨૧–૬–૦૪ ના રોજ પ્રાયોગિક ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવેલ અને આ દરમિયાન લાગતા વળગતાઓ તરફથી અનુભવ આધારે સુચનો સ્વીકારેલ અને તે મુજબ આ જાહેરનામામાં તા. ૧–૧૦–૦૪ ના રોજ વધુ એક માસ માટે પ્રાયોગિક ધોરણે અમલમાં મુકવામાં આવેલ.

મુંબઈ પોલિસ અધિનિયમ ( સને ૧૯૫૧ ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રૂએ હું કે.આર.કૌશિક, પોલિસ કમિશનર, અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં રસ્તાઓ ઘણા સાંકડા છે અને આ સાંકડા રસ્તાઓ ઉપર ભારે વાહનોનું આડેધડ પાર્કીંગ રસ્તાઓની બંને બાજુ પર થાય છે. જેના કારણે ટ્રાફિક અવરજવરને ઘણી અડચણો ઉભી થાય છે. ટ્રાફિક નિયમન સરળ બનાવવા માટે તેમજ પ્રદુષણના કારણે જાહેર જનતાના આરોગ્યને થઈ રહેલ અકલ્પનીય નુકસાન, અવાજના પ્રદુષણથી મોટી ઉંમરના અથવા બિમાર વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓને થતી અસહ્ય હેરાનગતિને ધ્યાનમાં રાખી નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ ક મ :–**

અમદાવાદ શહેર પોલિસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો ( મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નક્કી કરેલા વાહનોને ) સવારે ક.૯–૦૦ થી રાત્રીના ક.૨૧–૦૦ સુધી અવરજવર કરી શકશે નહિ. તદુપરાંત સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઈન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા, વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો સવારના ક.૭–૦૦ થી રાત્રીના ક.૨૨–૦૦ સુધી અવરજવર કરી શકશે નહિ.

(પરંતુ આ ભારે અને મધ્યમ વાહનોને નીચે માર્ગો ઉપર રાત્ર કલાક માટે ઉપયોગ કરવાની છુટછાટ આપવામાં આવે છે.

૧. જેતલપુર ઓક્ટ્રોય નાકાથી નારોલ, વિશાલા સર્કલ થઈ કાળા ઘાટે સરખેજ તેમજ જયપાર્ક સાથે એ.પી.એમ.સી.માર્કેટ, સરખેજ ચાર રસ્તાથી સરખેજ – ગાંધીનગર હાઈવે
૨. નારોલથી નરોડા પાટીયા, નાના ચીલોડા, ઈન્દીરાબ્રીજ.
૩. નારોલ સર્કલથી જુના વંટોળ ઓક્ટ્રોય નાકા સુધી.

શાકભાજીના વાહનો.

૫. નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા, નરોડા ફ્રુટ માર્કેટ.

૬. સી.ટી.એમ.હાટકેશ્વર સર્કલ, અનુપમ સિનેમા, ખોખરાબ્રીજ, કાંકરીયા રેલવે યાર્ડ.

૭. દૂધના વાહનો અને પેટ્રોલ/ડિઝલના ટેન્કરો.

આ ઉપરાંત ભારે તથા મધ્યમ પ્રકારના ભારવાહનોમાં સમય આધારિત નીચે જણાવેલ માર્ગો એ તેની સામે દર્શાવેલ સમયે અવરજવર કરવાની છૂટછાટ રહેશે.

૧. વિશાલા સર્કલથી વાસણા, હેમેન્દ્રાચાર્ય સર્કલ, એન.આઈ.ડી., સરદારબ્રીજ, જમાલપુર માર્કેટ – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

૨. નરોડા પાટીયાથી મેમ્કો ડાબા હાથે હીરાવાડીથી જમણા હાથે અનિલ સ્ટાર્ચ મીલ, ચામુંડાબ્રીજ, અસારવા ચકલા, અસારવા સંજયનગર છાપરા, નિર્મલપુરા ચાર રસ્તા, ( પ્રેમ દરવાજા સર્કલ બ્રીજ, ઈદગાહ સર્કલ તથા આજુબાજુનો ઈન્ડસ્ટ્રીઝ મીલ વિસ્તાર સિવાય ) તેમજ દરીયાપુર સર્કલ થઈ માધવપુરા માર્કેટ – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

૩. ચીમનભાઈ બ્રીજ થઈ સુભાષબ્રીજ સર્કલ થઈ શાહીબાગ થઈ માધવપુરા માર્કેટ – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

૪. નારોલ સર્કલથી ચંડોળા, શાહઆલમ ટોલનાકા, પુષ્પકુંજ સર્કલ, કાંકરીયા ચોકી, કાંકરીયા રેલવે યાર્ડ – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

૫. અનુપમ સર્કલથી રખિયાલ ચાર રસ્તા ડાબા હાથે બોમ્બે હાઉસીંગ પોલિસ લાઈન સર્કલ તેમજ રખિયાલથી અજીત મીલ ચાર રસ્તા થઈ સોનીની ચાલ સુધી તથા અજીત મીલથી નાગરવેલ હનુમાન સુધી – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

નોંધ :– ઉપરોક્ત માર્ગોમાં સંલગ્ન ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો તથા મીલોમાં જવાના રસ્તાનો ઉપયોગ થઈ શકશે.

૬. વાહનવ્યવહાર કચેરીના કામકાજ માટે વાસણા ટોલનાકાથી શિવરંજની ચાર રસ્તા, અંધજન ચાર રસ્તા, નારણપુરા એ.ઈ.સી. ચાર રસ્તા, અખબાર સર્કલ, ચીમનભાઈ બ્રીજ સર્કલ – ક.૧૦–૦૦ થી ક.૧૮–૦૦.

૭. શહેર વિસ્તારમાંથી વાહન વ્યવહાર કચેરીએ જવા માંગતા વાહનો કાલુપુર સર્કલથી, દિલ્હી દરવાજા, શાહીબાગ, સુભાષબ્રીજ થઈ જઈ શકશે – ક.૧૦–૦૦ થી ક.૧૮–૦૦.

૮. સાબરમતીથી ચીમનભાઈ સર્કલ થઈ જેલ રોડ થઈ કન્ટેનર ડેપો સુધી – ક.૧૨–૩૦ થી ક.૧૦–૦૦.

૯. દિવાન બલ્લુભાઈ સ્કુલથી કાગડાપીઠ પો.સ્ટે. થઈ સારંગપુર ગોમતીરોડથી સારંગપુર સર્કલ થઈ મેઘદૂત હોટલ પાછળનો રસ્તો – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

૧૦. કાંકરીયા પોલીસ ચોકીથી આબાદ ડેરી થઈ [illegible] આશ્રમ તેમજ પુનિતની આંબલી સુધી – ક.૧૨–૩૦ થી ક.૧૬–૦૦.

ઉપરોક્ત છૂટછાટ દરમિયાન માર્ગો ઉપર કોઈપણ સંજોગોમાં ભારવાહન પાર્ક કરી શકાશે નહિ કે માલની ચઢઉતર કરાવી શકાશે નહિ. જો કરવામાં આવે તો જાહેરનામાનો ભંગ ગણાશે.

આ જાહેરનામુ ભારે અને મધ્યમ પ્રકારના ફક્ત માલવાહક વાહનો માટે જ છે.

આ હુકમ એસ.ટી.કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમિયાન બંધનકર્તા રહેશે નહિ.

આ જાહેરનામાના આદેશનુ ઉલંઘન કરનાર ઈસમ ગુંજરાત પોલિસ અધિનિયમ કલમ ૧૩૧(બી)(૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા.૧–૧૧–૦૪ થી કરવાનો રહેશે.
આજરોજ તા. ૧–૧૧–૦૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. –૧૧–૦૪ (કે.આર.કૌશિક),
પોલિસ કમિશનર,
અમદાવાદ. અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :– ૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડિપાર્ટમેન્ટ, વડોદરા.
૨/– ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
૩. પોલિસ મહાનિર્દેશક અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલિસભવન, ગાંધીનગર.
૪. કલેક્ટરશ્રી, અમદાવાદ.
૫. રજિસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
રજિસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
રજિસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન, અમદાવાદ.
૭. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૮. સિનિ.પોલિસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૯. માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર ( ૨ નકલ ).
૨/– જાણ સારૂ તથા દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.
નકલ રવાના :– ૧. સંયુક્ત પોલિસ કમિશનરશ્રી, વિશેષ શાખા/વહીવટ/ક્રાઈમ/સેક્ટર–૧, અમદાવાદ શહેર.
૨. અધિક પોલિસ કમિશનરશ્રી, સેક્ટર–૨/ક્રાઈમ/મુખ્યમથક, અમદાવાદ શહેર.
૩. તમામ નાયબ પોલિસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
૪. તમામ મદદનીશ પોલિસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
૫. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલરૂમ, અમદાવાદ શહેર.
૨/– જાણ સારૂ તથા દૈનિકપત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
૬. તમામ પો.ઈન્સ.શ્રી, .................... પો.સ્ટે., અમદાવાદ શહેર.
૨/– જાણ સારૂ તથા પો.સ્ટે.વિસ્તારમાં જાહેરાત માટે અને સખ્ત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
૭. મદદનીશ પોલિસ કમિશનરશ્રી, ટ્રાફિક, અમદાવાદ શહેર ( ૩૫ નકલ ).
૨/– ટ્રાફિક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.